નવા વડવાસાના ૭૦થી વધુ વિદ્યાર્થીઓને

શાળાએ જવાની બસ સુવિધા છીનવાતાં વિદ્યાર્થીઓમાં ઉગ્ર રોષ

શાળા, સંગઠન, ગ્રામ-તાલુકા પંચાયતના સભ્યો દ્વારા વારંવારની રજૂઆતો છતાં તંત્રના બહેરા કાને અથડાય છે

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લામાં અપૂરતી એસટી બસ સુવિધાને કારણે મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં શાળાએ જતા બાળકોને પારાવાર હલાકીની સામનો કરવો પડી રહ્યો છે. અગાઉના ડેપો મેનેજર વાઘેલાએ બાળકોને સુવિધા આપવા શરૂ કરેલી બસ સેવા પણ છીનવાઈ ગઈ છે. શાળા, સંગઠન, ગ્રામ-તાલુકા પંચાયતના સભ્યો દ્વારા વારંવારની રજૂઆતો છતાં તંત્રના બહેરાકાને અથડાય છે.

ગામના અગ્રણી કાર્યકર અને પૂર્વ તાલુકા ભાજપ મહામંત્રી ભીખુસિહ હિમંતસિહ પરમાર (નવા વડવાસા)એ જણાવ્યું કે મોડાસાના નવા વડવાસા ગામના વિદ્યાર્થીઓ માટે મોડાસાથી ભીમપુરાની બસ સોમવારથી શનીવાર શાળાના સમય અનુકૂળ અગાઉ ચાલુ જ હતી. એક વર્ષ અગાઉ પણ ડેપો મેનેજર વાઘેલાએ આ સેવા ચાલુ કરેલી હતી જેનાથી ગ્રામ્ય વિસ્તારમાં બાળકોને આસપાસના ગામોમાં શાળાએ જવું આવવાની બસ સગવડ મળી હતી. જે ઘણા વખતથી છીનવાઈ ગઈ છે.

આ વિસ્તારમાંથી બક્ષીપંચ તેમજ અન્ય પછાત વર્ગનાં ૭૦ જેટલા છાત્રો રમોસ અને રણાસણની શાળાએ ભણવા જાય છે અને ખુમાપુરના બાળકો મેઢાસણ ભણવા જાય છે. હાલ બસ સુવિધા ન હોઈ અને ચાલુ બસ સેવા બંધ કરાતા બાળકોને શાળાએ જવા આવવા ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

આ ગ્રામ્ય વિસ્તારમાં બાળકોને શાળાએ જવા આવવા પુનઃ બસ સુવિધા આપવા મેઢાસણ શાળા દ્વારા અને ગ્રામ પંચાયત તથા તાલુકા સંગઠન દ્વારા છેલ્લા એક મહિનાથી એસટી ડેપોમાં લેખિત રજુઆતો કરવામાં આવી છે. પણ બાળકોના અભ્યાસ અને કન્યા કેળવની અને દીકરીઓને ભણાવવાના સરકારના અભિગમ અને પ્રયાસો જાણે કે એસટી તંત્ર દ્વારા નકામયાબ બનાવવા માગતા હોય તેમ આ વાજબી અને ન્યાયી માગણી સંતોષાતી ન હોઈ સમગ્ર નવા વડવાસા, ખુમાપુર પંથકના વાલીઓ અને આમ જનતામાં એસટીતંત્રના ઉપેક્ષાભર્યા વલણ સામે ભારે રોષ ભભૂકી ઉઠયો છે અને આ બસ તત્કાલિક શરૂ નહીં થાય તો ગાંધી ચિધ્યા માર્ગે વાલીઓને આંદોલન કરવા મજબૂર બનવું પડશે.

અરવલ્લી જિલ્લામાં ભિલોડા તાલુકામાં ટાકાટુકા ગ્રુપ સેવા સહકારી મંડળીના ચેરમેન શામળભાઈ કચરાભાઈ પટેલના પ્રમુખ પદે એક કૃષિ શિબિરનું આયોજન કરાતા તજજ્ઞો દ્વારા ખેડૂતોને કૃષિ વિષયક ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. જેમાં આગામી સિઝનમાં ઓછા ખર્ચે સારી ખેતી થાય અને ઉત્પાદન વધે તેવી જરૂરી સલાહ સુચન પણ આપવામાં આવ્યા હતા. જેમાં મંડળીની કામગીરી અને સભાસદોના હિતને ધ્યાનમાં રાખીને ધિરાણ લેતા સભાસદોને ધાબળા વિતરણ ચેરમેન શામળભાઈ અને મંડળી હોદ્દેદારો, સભ્યોના હસ્તે કરવામાં આવ્યું હતું.

વિજયનગરની શાળાના શિક્ષકોની બદલી નહી થાય તો તાળાબંધી કરાશે

હિંમતનગર, તા. ૭

વિજયનગરમાં આવેલી તાલુકા શાળા નં. ૧માં ફરજ બજાવતા શિક્ષકોના અંદરોઅંદરના ઝગડાને લીધે બાળકો પર તેની વિપરીત અસરો પડી રહી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતી હોવાનું માનીને ઉકવારે વાલીઓએ તથા ગ્રામજનોએ ભેગા મળીને મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતુ. જેમાં જણાવાયા મુજબ જો શાળા નં. ૧માં ફરજ બજાવતા શિક્ષકોની સત્વરે સામુહિક બદલી નહી કરાય તો વાલીઓ શાળાને તાળાબંધી કરશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

આ અંગેની વિગત એવી છે કે વિજયનગરના સીઆરસી ભવનમાં અત્યારે તાલુકા શાળા નં. ૧ અને ૨ ચાલે છે જે પૈકી શાળા નં. ૧માં ધો. ૧ થી ૮ના વર્ગોમાં અંદાજે ૩૫૦થી વધુ બાળકો ભણે છે પરંતુ છેલ્લા ઘણા સમયથી શાળામાં ફરજ બજાવતા શિક્ષકો ગમે તે કારણસર અંદરોઅંદર ઝગડા કરે છે. આ શાળામાં આઠ મહિલા અને બે પુરૂષ શિક્ષકો ફરજ બજાવે છે.

અવારનવાર શાળામાં થતા ઝગડાને લીધે નાના બાળકો પર તેની વિપરીત અસરો પડી રહી છે જે અંગે આ શાળામાં ભણતા બાળકોના વાલીઓને ખબર પડતા આ વાલીઓએ અનેક વખત ઉચ્ચકક્ષાએ રજુઆતો પણ કરી હતી તેમ છતાં કોઈ કાર્યવાહી ન થતા આખરે વાલીઓ તથા ગામના સરપંચ અને અન્ય વકીલ સહિત લોકોએ શુક્રવારે વિજયનગર તાલુકાના મામલતદારને આવેદનપત્ર આપ્યું છે.

આ આવેદનપત્રમાં જણાવાયા મુજબ જો બે દિવસમાં તાલુકા શાળા નં. ૧માં ફરજ બજાવતા તમામ શિક્ષકોની સામુહિક બદલી કરવામાં નહી આવે તો વાલીઓ ગ્રામજનોની મદદથી શાળાને તાળાબંધી કરશે એવી ચિમકી ઉચ્ચારીને વધુમાં એમ પણ જણાવ્યુ છે કે જ્યાં સુધી અમારી માંગણી સંતોષવામાં નહી આવે ત્યાં સુધી અમે અમારા બાળકોને શાળામાં ભણવા માટે મોકલીશુ નહી તથા જરૂર પડે અમારા બાળકોના લિવીંગ સર્ટી પણ કઢાવીને બાળકોને અન્ય શાળાઓમાં ભણવા માટે મોકલવાનું વિચારી રહ્યા છે જેથી તંત્રએ સત્વરે હકારાત્મક કાર્યવાહી કરવી જોઈએ એમ વાલીઓ અને ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

મોટાકોટડા ડી.કે.વ્યાસ હાઈસ્કુલનું ગૌરવ વધાર્યું

ભિલોડા,તા.૭

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટાકોટડા ગામની શ્રી મોટાકોટડા સાર્વજનિક ટ્રસ્ટ

સંચાલિત શ્રી ડી. કે. વ્યાસ હાઈસ્કુલનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી હતી. ખેલ મહાકુંભ કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જીલ્લા કક્ષાના એથ્લેટીક્સ સ્પર્ધા હિંમતનગર સ્પોર્ટ્સ સંકુલમાં યોજાયો હતો. શ્રી ડી. કે. વ્યાસ હાઈસ્કુલના ૫ વિદ્યાર્થીઓ અને ૧ શિક્ષકએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંડર-૧૪ ભાઈઓમાં ૧૦૦ મીટર દોડમાં અશોકકુમાર એ. નિનામા પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. અંડર-૧૭ બહેનોમાં ૧૦૦ મીટર દોડમાં ઋતુબેન આર. પટેલએ ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. શિક્ષક વિભાગમાં ૧૦૦ મીટર દોડમાં મનહરભાઈ આર. પટેલે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. મોટાકોટડા શ્રી ડી.કે. વ્યાસ હાઈસ્કુલનું ગૌરવ વધારતાં શાળા પરીવાર, શ્રી મોટાકોટડા સાર્વજનિક ટ્રસ્ટ, ટ્રસ્ટીઓ,ગ્રામજનોએ ખેલાડી ભાઈઓ-બહેનો, શિક્ષકોએ ગૌરવ વધારવા બદલ બિરદાવ્યા હતા.

ખેડુતોના પ્રશ્નો અંગે ભારતીય કિસાન સંઘ લડતના મંડાણ કરશે

રાજયના તમામ તાલુકા મથકે મામલતદારને આવેદનપત્ર, રેલી અને સભા યોજાશે

ગાંધીનગર, તા.૭

ખેડુતો હાલ અનેક પ્રશ્નોથી પીડાઈ રહ્યા છે. અછતની પરિસ્થિતિને લઈને તંત્ર કક્ષાથી તત્કાલ પૂર્ણ ગંભીરતાથી નિર્ણયો કરવા, ખાતરનો કમરતોડ ભાવ વધારો, પુનઃડ્રીપ લેવા હવેથી માત્ર ૪૫ ટકા સબસીડી કરી દેવી, જયાં પાક નિષ્ફળ ગયા છે ત્યાં તુરંત પાકવીમાનું સર્વે કરવું, સહિતના પ્રશ્નો ખેડુતોને સતાવી રહ્યા છે. તેમ છતા રાજય સરકાર ખેડુતોના મામલે કંઈ વિચારતી નથી. જેને પગલે આગામી તા. ૧૫ ઓકટોબરથી ભારતીય કિસાન સંઘ દ્વારા તાલુકા મથકે મામલતદારને આવેદન પત્ર આપવામાં આવશે અને રેલી સભાના કાર્યક્રમો પણ યોજાશે.

આ અંગે ભારતીય કિસાન સંઘના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ વિઠ્ઠલભાઈ દૂધાત્રા તથા પ્રદેશ મહામંત્રી બી.કે.પટેલ ગુજરાતના કિસાન આજે અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. ચાલુ વર્ષે કુદરત પણ રૂઠી છે. અનેક વિસ્તારોમાં પર્યાપ્ત વરસાદ પણ થયો નથી. માંડ માંડ ખરીફ પાકોને બચાવવા કિસાનો મથી રહ્યા છે. ત્યારે ક્યાંક કેનાલો પણ ભંગાણ પડી રહ્યા છે. ખરીફ પાકો તૈયાર હોવાછતા ટેકાના ભાવે ખરીદી કરવા કોઈ તૈયાર નથી. ચાલુ વર્ષના ઓનલાઈન પાણીપત્રક બાકી છે.કેટલીક ઓર્ચીતી તકલીફ અને વધી રહેલા ભાવ વધારા જેવી અનેક સમસ્યાઓથી ઘેરાઈ રહેલો ખેડુત ખેતી કરવા મજબુર બન્યો છે. ગત્ તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ ભારતીય કિસાન સંઘના હોદેદારોએ અનેક પડતર પ્રશ્નોને લઈ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી તેમજ કૃષીમંત્રીને રજુઆત કરી હતી. ત્યારે કિસાનોની વાસ્તવિક સ્થિતિ અંગે તાત્કાલીક અગ્રતાના ધોરણે અમલવારી થાય તે માટે ભારતીય કિસાન સંઘ દ્વારા સરકાર સમક્ષ રજુઆત કરી છે.રાજયના કિસાનોની નીતી વિષયક અને જિલ્લાની સમસ્યાઓને લઈને આગામી ૧૫ ઓકટોબરને સોમવારના રોજ તમામ તાલુકા મથકોએ મામલતદારને આવેદનપત્રો આપવામાં આવશે. જયારે જિલ્લાના હોદેદારો કલેકટરને આવેદન પત્ર આપી સભા અને રેલી યોજાશે.

નવરાત્રીને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે શહેરનો યુવાવર્ગ નવરાત્રીમાં ગરબે ઘુમી માતાજીની આરાધના કરવા થનગની રહ્યો છે. ત્યારે શહેરના ઘ-૪ ગાર્ડન ખાતે ગરબા ગ્રુપના સભ્યોએ ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ થઈને ગરબાનુ રહીર્સલ કર્યું હતું.

બાળકોને સમજાવવા નહી સમજવા પ્રયાસ કરો

વિચારયાત્રામાં શાહબુદ્દીન રાઠોડે બાળકોને સંપત્તિ નહી સમય આપવા જણાવ્યું : સરળતામાં જીવનનો સાર હોવાનું જણાવી તેમણે સાચા માર્ગે ચાલવાનો આનંદ મનાવવો જોઈએ તેવી શીખ આપી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર વિચાર વર્તુળ દ્વારા આજે કડી સર્વ વિદ્યાલય સંકુલ સ્થિત નાથીબા હોલ ખાતે 'સ્માઈલીંગ સોસાયટીની બુનિયાદ' વિષયે વિચક્ષણ હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડના વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાહબુદ્દીન રાઠોડે તેમના વ્યકિતત્વ અનુરુપ માર્મિક શૈલીમાં અનેક જીવનોપયોગી વાતો કરી હતી તેમજ શ્રોતાઓના પ્રશ્નોના ઉત્તર પણ આપ્યા હતા.

'તમારા બાળકને સમજાવવા નહી તેને સમજવા પ્રયાસ કરો' બાળકને સમય આપો કેમ કે સમય એ જ સંપત્તિ છે. તેવા ઉદગારો સાથે શાહબુદ્દીન રાઠોડે કહ્યું હતું કે બાળકોને ભણાવવા એટલે એમને પ્રેમ કરવો. આજની શિક્ષણ પ્રથા અંગે ગર્ભિત કટાક્ષ કરતા તેમણે શિક્ષકોને શીખ આપી હતી કે 'વિદ્યાર્થીઓને તમે જેટલું મોંઢેથી ભણાવો તે જ શિક્ષણ છે.' આ સાથે તેમણે જીવનમાં ઉત્સવો ઘટતા જતા હોવાથી આનંદ ઉત્સવને વધારવા સૂચન કરતા જણાવ્યું હતું કે તમે સાચા માર્ગે ચાલો છો તેનો તમને આનંદ હોવો જોઈએ. કરૂણતાની ચરમસીમાએ હાસ્ય પ્રગટે અને સુખની ચરમસીમાએ આધ્યાત્મ પ્રગટે છે તેવું જણાવતા તેમણે કહ્યું હતું કે સરળતામાં જ જીવનનો સાર છે.

ગીરના સિંહનું સ્થળાંતર કરવા રૂપાણીએ કરેલો સ્પષ્ટ ઈનકાર

ગીર અને આસપાસના વિસ્તારોમાં સિંહોના મોતને લઈને હચમચી ઉઠેલી સરકાર દ્વારા સાવચેતીના તમામ પગલા હવે ઝડપથી લેવામાં આવી રહ્યા છે. સાવચેતીરુપે અધિકારીઓને પણ દોડતા કરવામાં આવ્યા છે. સિંહોને સારવાર આપવા માટેની પ્રક્રિયા પણ યુદ્ધના ધોરણે શરૂ થઈ ચુકી છે. આજે સિંહોને વેક્સિન આપવાનો દોર સતત બીજા દિવસે યથાવતરીતે જારી રહ્યો હતો. ગીરમાં વિવિધ બીમારીથી ૨૩ સિંહોનાં મૃત્યુ સંદર્ભે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે જૂનાગઢ જિલ્લાના બિલખામાં પ્રચાર માધ્યમો સમક્ષ જણાવ્યું હતું કે, ગીર અને આસપાસના વિસ્તારમાં વસતા સિંહમાં બીમારી અંગે ઉચ્ચકક્ષાના નિષ્ણાતોની મદદથી સર્વેક્ષણ અને સિંહના લોહીના નમૂના લેવાની કામગીરી ચાલી રહી છે, તેમાં તમામ રિપોર્ટ નેગેટિવ હોવાથી ચિંતાનો કોઇ વિષય નથી. ભવિષ્યમાં સિંહની બીમારી અંગે ઝડપથી નિદાન અને સારવાર પ્રક્રિયા થાય તે માટે તમામ સ્તરનું વ્યવસ્થાપન ગોઠવાઇ રહ્યું છે. ગુજરાતમાં સિંહ સલામત છે અને તેનું સ્થળાંતર નહીં થાય.

તલોદના નવિન માર્ગોમાં ગાબડા

તલોદ, તા. ૭

તલોદથી તલોદ ગામ જતો નવિન માર્ગ જિલ્લા પંચાયતના બાંધકામ વિભાગ દ્વારા લાખ્ખોના ખર્ચે નજીવા સમયમાં બનાવેલ આરસીસી રોડમાં મોટા ગાબડા પડી જવાથી સરકારના લાખ્ખો રૂપિયા પાણીમાં ડુબી જવાથી કોન્ટ્રાક્ટરની મિલીભગતથી રાહદારીઓ પરેશાનીમાં મુકાયા છે.

પોતાની વહિવટી પોલ છુપાવવા મસમોટા પડી ગયેલા ગાબડા ડામર નાખી ગાબડા પુરવા છતા બાજુમાં વધારે ગાબડા પડી જવાથી ડાઈવર્જન આપી આ રોડનું સમારકામ સત્વરે કામ કરવા લોકોની માંગ ઉઠી છે. જિલ્લામાં અનેક નવા રોડમાં માલ મટીરીયલ અને આડેધડ કામગીરીથી લાખ્ખોના ખર્ચે બનાવેલ નવિન રોડોમાં કોન્ટ્રાક્ટરો દ્વારા થતી હાલાકી અંગે રાહદારીઓ અને મુસાફરોની યોગ્ય કરવા માંગ ઉઠી છે. રાત્રીના સમયે અજાણ્યા લોકો આ ગાબડાથી મોતના મુખમાં ધકેલાઈ જાય તેવી દહેશત પણ ઉભી થવા પામી છે.

પરપ્રાંતિયો પર હુમલાને ભાજપ જોરદાર વખોડે છે

અમદાવાદ,તા.૭

પરપ્રાંતિયો ઉપર થઈ રહેલા હુમલાઓને લઈને આક્ષેપબાજીનો દોર પણ શરૂ થઈ ગયો છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, પરપ્રાંતિયો પર હુમલા માટે કોણ જવાબદાર છે તે તમામ લોકો જાણે છે. પરપ્રાંતિયો પર થઈ રહેલા હુમલાના સંદર્ભમાં હવે કોંગ્રેસી નેતા અલ્પેશ ઠાકોરે તેમના સમુદાય પર થઈ રહેલા આક્ષેપોને રદિયો આપ્યો છે. ઠાકોર સમુદાય ઉપર હિંસા કરવાના આરોપોને ફગાવતા કોંગ્રેસી નેતા અલ્પેશે કહ્યું છે કે, આ પ્રકારના આક્ષેપો આધારવગરના છે. સાથે સાથે કમનસીબ પણ છે.

આ કમનસીબ બાબત છે કે, અમારા ઉપર આક્ષેપ થઈ રહ્યા છે. અમે ક્યારે પણ હિંસાની વકાલત કરતા નથી. અમે હંમેશા શાંતિની વાત કરીએ છે. તમામ ભારતીય ગુજરાતમાં બિલકુલ સુરક્ષિત છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આક્ષેપબાજીનો દોર શરૂ થયો છે. પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ આઈ.કે. જાડેજાની રાજકોટમાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં તેણે અલ્પેશ ઠોકરના ઉપવાસ પર જણાવ્યું હતું કે, આ કોંગ્રેસ પ્રેરિત ઉપવાસ આંદોલન છે. એક ઉપવાસ હમણાં જ પૂરા થયા ત્યાં બીજા શરૂ થશે. પરપ્રાંતીય પર હુમલાઓ થયા છે અને અત્યાચાર ગુજારવામાં આવ્યો છે તેવી વાતને ભાજપ વખોડે છે.

અણીયોર કેળવણી મંડળ સંચાલિત હાઈસ્કૂલનું અત્યાધુનિક નવીનીકરણ મકાનનું ઉદ્‌ઘાટન

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના અણીયોર ગામે શ્રી અણીયોર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.બી. વકીલ માધ્યમિક અને શ્રી એમ.એમ. ઠેકડી ઉમા વિદ્યામંદિરનું નવીનીકરણ કરાયેલ અત્યાધુનિક બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન જીલ્લાના પ્રભારી અને રાજ્ય વન અને આદિજાતિ વિભાગના મંત્રી રમણલાલ પાટકરના હસ્તે સંતો, મહંતોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળના ભામાશાઓ અને સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને આજુબાજુના પંથકના રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વેસ્પા અને એપ્રિલીયા સ્કુટર્સમાં રૂ. ૧૦,૦૦૦થી વધુ મુલ્યનાં ફાયદાઓની સ્પેશ્યલ બિગ ફેસ્ટીવલ ઓફર

પિયાજીઓ ઈન્ડિયાએ સપ્ટેમ્બર અને ઓક્ટોબરના તહેવારોનાં મહિનાઓ દરમિયાન પ્રથમવાર તેના વેસ્પા અને એપ્રિલીયા ટુ વ્હીલર્સ શ્રેણીમાં આકર્ષક ફેસ્ટીવ સિઝન પટ એક્સ ફન ઓફર રજુ કરી છે. આ અજોડ ઓફરોમાં ગ્રાહકો માટે તેમની જરૂરિયાતોને અનુરૂપ ત્રણ વિકલ્પો ઉપલબ્ધ છે. ગ્રાહકો બને પિયાજીઓ બ્રાન્ડ્સમાં રૂ. ૧૦,૦૦૦૦થી વધુનાં ફાયદાઓ મેળવી શકે છે.

વેસ્પા સ્કૂટર રેન્જમાં SXL ૧૨૫, SXL ૧૫૦, VXL ૧૨૫, VXL ૧૫૦, એલિગન્ટ અને નવુ રજૂ થયેલું નોટ્ટો કે જેની કિંમત રૂ. ૬૮,૮૪૦ (એક્સ શોરૂમ, પુના) તેમજ એપ્રિલીયા SR ૧૨૫, SR ૧૫૦ અને SR ૧૫૦ રેસનો સમાવેશ થાય છે. તેમાં 5X ફન ઓફર ૧૨૫ સીસી વેસ્પા અને એપ્રિલીયા મોડલની પાંચ વર્ષની વોરન્ટી અને ઈન્સ્યોરન્સના ૧૫૦ સીસી મોડલ્સનો પણ સમાવેશ થાય છે.

આ પટ ફન ઓફર અન્વયે ગ્રાહકો પાંચ વર્ષની ફ્રી વોરન્ટી મેળવી શકે છે. જેમાં બે વર્ષની સ્ટાન્ડર્ડ વોરન્ટી અને ત્રણ વર્ષની એક્સટેન્ડેડ વોરન્ટીનો સમાવેશ થાય છે. વધારામાં ગ્રાહક પ્રથમ વર્ષે ફ્રી સર્વિસ અને બીજા વર્ષે રૂ. ૫૦૦૦ના મુલ્યનાં પેટીએમ ફાયદાઓ સાથે સંલગ્ન 'ઓન રોડ આસિસ્ટ' અથવા આકર્ષક પેમેન્ટ પદ્ધતિઓ જેમ કે ઝીરો કોસ્ટ ઈએમઆઈ અથવા રૂ. ૩૯૯૯નાં મુલ્યનાં લો ડાઉન પેમેન્ટનો લાભ મેળવી શકે છે.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

દેશ માટે લડી રહેલા આ બળવામાં સહભાગી ભાડૂતી સૈનિકોને ફાંસીની સજા થઈ હતી,પણ વડાપ્રધાન રાજીવની મધ્યસ્થીથી એ સજાને આજીવન કેદમાં ફેરવવા માટે રાષ્ટ્રપતિ ગયૂમને સમજાવી લેવાયા હતા.સંયોગ જુઓ કે રાજીવ ગાંધીની હત્યા શ્રીલંકામાં અલગ તમિળ ઈલમ (દેશ)ની માંગણી કરનારા ત્રાસવાદી તમિળોએ જ વર્ષ ૧૯૯૧માં કરી હતી !

પરાજિત વડાને શ્રીલંકાનું ઈજન

શ્રીલંકા માલદીવના અસંતુષ્ટો કે પરાજિત કે પછી નિષ્કાસિત રાષ્ટ્રપતિઓ સહિતના માટે આશ્રયસ્થાન છે. શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનીલ વિક્રમસિંઘેને માલદીવના પરાજિત રાષ્ટ્રપતિ અને તાનાશાહી શાસન માટે જાણીતા યામીનના નવા શાસન હેઠળ ભૂંડા દિવસોનો અણસાર આવતાં એમને ફોન કરીને ''ગમે ત્યારે શ્રીલંકામાં આપનું સ્વાગત છે'' એવું ભાવભીનું નિમંત્રણ આપી દીધું છે. સંયોગ તો જુઓ કે શ્રીલંકાના રાષ્ટ્રપતિએ માલદીવના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ નશીદને ભોજન પર આમંત્રણ આપ્યા પછી યામીનને ફોન કર્યો હતો. બ્રિટનમાં રાજ્યાશ્રય મેળવનાર પૂર્વ રાષ્ટ્રપતિ નશીદને માલદીવમાં યામીનનું શાસન આવતાં ૧૩ વર્ષની જેલની સજા થઈ હતી અને એમણે બ્રિટન ભાગી જવું પડ્યું હતું. આજકાલ એ શ્રીલંકામાં વસે છે. માલદીવના કુલ દેવાનું ૮૦% દેવું ચીનનું છે. ચીન સાથેના પ્રકલ્પો અને યામીનના ભ્રષ્ટાચાર અંગે નવા રાષ્ટ્રપતિ તપાસ કરવાના છે. શ્રીલંકા પણ ચીનનું ઓશિયાળું છે.આવા સંજોગોમાં આવતા દિવસોમાં માલદીવ અંગે નવાજૂનીના વાવડ કોલંબોથી મળતા રહે એ સ્વાભાવિક છે. ચીન ભારત સાથેના માલદીવના મધુર સંબંધોને લાંબો સમય સહી શકે તેમ નથી. જોકે અત્યારે તો માલદીવમાં લોકશાહીનો સોનેરી સૂરજ ઊગ્યાનું લાગે છે,પણ એ કેટલો ટકશે એ કહેવું મુશ્કેલ છે.

haridesai@gmail.com

વધતી સક્રિયતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આતંકવાદીઓના ઈરાદાઓને નિષ્ફળ બનાવવા માટે સેના અને સુરક્ષા દલો તૈયાર છે. આતંકવાદી હુમલાની શંકાને ધ્યાનમાં લઈને આર્મી, પોલીસ સીઆરપીએફ સહિત તમામ સુરક્ષા દળોએ પોતાની સક્રિયતા વધારી દીધી છે. બીજી બાજુ પેટ્રોલિંગની પ્રક્રિયા તીવ્ર કરવામાં આવી છે. ત્રાસવાદીઓને ખીણમાં ઘુસતા રોકવા આર્મીએ પોતાની તકેદારીને વધારી દીધી છે. જમ્મુ કાશ્મીરમાં આવતીકાલથી ચાર તબક્કામાં સ્થાનિક ચૂંટણીની શરૂઆત ઇ રહી છે. આને લઈને પણ સુરક્ષા વધારવામાં આવી રહી છે. ચૂંટણીને શાંતિપૂર્ણરીતે પાર પાડવા મોટા પડકારો ઉભા થયા છે. સુરક્ષા દળોને ચકાસણીની પ્રક્રિયા તીવ્ર કરવા કહેવામાં આવ્યું છે.

વાહનોની ચકાસણીની સાથે સાથે શંકાસ્પદો ઉપર નજર રાખવા કહેવામાં આવ્યું છે. સુરક્ષાને મજબૂત કરવા માટે ચેકપોઈન્ટની સંખ્યા વધારવામાં આવી છે. ડોગ ટીમની પણ મદદ લેવામાં આવી રહી છે. નાની નાની ટુકડી બનાવીને શંકાસ્પદ વિસ્તારોમાં તપાસ ચાલી રહી છે. મોટાભાગના ઉમેદવારોને સુરક્ષિત સ્થળો ઉપર રાખવામાં આવ્યા છે. કેટલાકને ખાસ સુરક્ષા પણ આપવામાં આવી છે. ઓપરેશન મારફતે વિસ્તારમાં સુરક્ષિત રાખવાના પ્રયાસ થઈ રહ્યા છે. જવાનોની સંખ્યા વધારવામાં આવી છે. સ્થાનિક ચૂંટણીનો મહેબુબા મુફ્તીની પાર્ટી પીડીપી અને નેશનલ કોન્ફરન્સ દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો હોવા છતાં ચૂંટણીને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચાર તબક્કામાં યોજાનારી સ્થાનિક ચૂંટણીને લઈને તંત્ર સામે મોટો પડકાર છે. જમ્મુ કાશ્મીરમાં હાલ ગવર્નર શાસન છે.

પાછા ખેંચ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બજાજ કેપીટલના ઉપાધ્યક્ષ અને રોકાણ વિશ્લેષણ મેનેજર આલોક અગરવાલે જણાવ્યું હતું કે, 'કાચા તેલની કિંમતો અને અમેરીકન બ્રાન્ડના આગમનથી વૃદ્ધિ અને વૈશ્વિક સ્તરે ડોલરની આપૂર્તિની અછતભરી સ્થિતિ એફપીઆઈ પરત ખેંચવાનું મુખ્ય કારણ રહી હતી. તેના કારણે મુદ્રા બજાર, બોન્ડ અને શેર બજારમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. અગરવાલે વધુમાં જણાવ્યું હતું કે તેમ છતાં એ બાબત ધ્યાને રાખવા જેવી છે કે તમામ ઉભરી રહેલા બજારોમાં આવા જ પ્રકારની સ્થિતિ છે. તે માત્ર ભારત સુધી સીમિત નથી. હકીકતમાં ભારત પર તેની અસર વધુ પહોંચી છે, કેમ કે આ દેશ તેની પેટ્રોલિયમની જરૂરિયાતો માટે આયાત પર નિર્ભર હોય છે. આઈએલએન્ડએફએસ દ્વારા લોન ડિફોલ્ટથી ઘટાડા પર વધુ દબાણ સર્જાયું હતું.

ડોલરની સરખામણીમાં રૂપિયો નીચલા સ્તરે નીત નવા રેકોર્ડ બનાવવા અને કાચા તેલની કિંમતોમાં આવેલા ઉછાળાથી નિરાશ થયેલા રોકાણકારોની વેચવાલીના દબાણમાં સેન્સેક્સ ગત સપ્તાહે ૧,૮૫૦.૧૫ પોઈન્ટ એટલેકે ૫૧ ટકા ઘટીને સાડા ચાર મહિનાના નીચલા સ્તરે ૩૪,૩૭૬.૯૯ પોઈન્ટ પર બંધ થયો હતો અને નિફ્ટી ૬૧૪ પોઈન્ટ એટલેકે ૫.૬૧ ટકાનો ઘટાડો ભોગવીને સપ્તાહના અંતે ૧૦,૩૧૬.૪૫ પોઈન્ટ પર પહોંચી ગયો હતો.

નિયત કરાયા...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બધી જ બાબતોમાં પૂર્તતા થયેલી હોય તો જ ત્રણ માસમાં દરખાસ્ત તૈયાર કરીને મોકલવાની સૂચનાઓ પણ જિલ્લાતંત્રને આપવામાં આવી છે.

રાજ્યમાં સ્માર્ટ વિલેજ યોજના એ ભાજપના શાસનમાં ગામડા તુટતા બચાવવા આવેલી વિવિધ યોજનાઓનો જ એક હિસ્સો છે. પહેલાં ગોકુળગ્રામ, પછી વૃંદાવન ગામ, પાવનતીર્થ ગામ, સમરસ ગ્રામ જેવી જુદી જુદી યોજનાઓ અમલમાં મુકવામાં આવી હતી.

સ્માર્ટ વિલેજ પ્રોજેક્ટને લઈ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં રાષ્ટ્રીયસ્તરના પરિસંવાદ પણ થઈ ગયા હતા જે ઉલ્લેખનીય છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારોમાં તંદુરસ્તી સ્પર્ધા થાય, પંચાયતોનું સ્તર ઉંચુ આવે તેમજ ગ્રામીણ વિસ્તારના લોકોને મૂળભૂત માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બને તે હેતુ આ યોજના પાછળ છુપાયેલો છે.